ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

આત્મા છે પરમાત્મા, સત્ય નો સાર, - વેદ થાય છે,
અને તેથી જ 'સ્ત્રી-પુરુષ' 'શરીર'નો છેદ થાય છે,
ભેદ થાય છે નાહક, મંદિર પ્રવેશમાં વિવાદે -
'નર'ની જન્મદાતા પર બાનથી ખેદ થાય છે...
(ઔરતને જન્મ દિયા મર્દોં કો...
મર્દોંને ઉસે બરબાદ કિયા)

### હાઈકુ

ભીરૂ બનાયે,
ડરાવે-ભડકાવે -
તે ધર્મ નથી...
(ધર્મ આત્મબળ આપે)

હિંમત-શક્તિ,
જ્ઞાન-સમજ આપે
એ સાચો ધર્મ...
(ધર્મ મનોબળ આપે)

### ચિંતન

**મહાનપ્યેક જો વૃક્ષો બલવાન સુપ્રતિષ્ઠિતઃ ।**
**પ્રસહ્ય એવ વાતેન સસ્કંધો મર્દિતું ક્ષણાત્ ॥**

વિદુરનીતિનો આ શ્લોક - સંઘ-શક્તિનો મહિમા કહે છે. વ્યક્તિ એકલો-અટૂલો હોય તો બધી રીતે હારે - હતાશ થાય - નાશ પામે છે.

'મજબૂત મૂળવાનું ઘટાદાર, સ્થિર, સુપ્રતિષ્ઠિત દઢ અને સ્થિર, મોટ-વિશાળ હોય એવું વૃક્ષ પણ જો ખૂલ્લા મેદાનમાં એકલું-અટુલું હોય તો, પવન તોફાન-વાવાઝોડાં સામે એને ઝૂંડ-વનની ગીચતાનું રક્ષણ મળતું નથી અને મૂળ સહિત ઉખડી ઢળી પડે છે - નાશ પામે છે. એક ક્ષણમાં જ કોઈ રક્ષણ - બચાવ વિના ઉખડી નાશ પામે છે.'

વિદુર અહીં - સંગઠ્ઠિત સમાજ, જૂથ, એકતા એસોસીએન હોય તો સમાજ પોતાના નબળા વર્ગ - વ્યક્તિ માટે - તેને જે અન્યાય થયો હોય તેનો 'સત્તા' માટે નિર્ભય થઈ સમૂહની શક્તિ-તાકાતથી લઈ શકે - સત્તા પણ 'સમૂહ' નો સામનો કરતાં ડરે છે અને નિર્બળ વ્યક્તિ સમાજમાં ટકી જાય ન્યાય મેળવે છે.

એકલું વૃક્ષ ઢળી પડે છે.

### સુવિચાર

- આદત શાણપણથી અને ચતુરાઈપૂર્વક પાડી હોય તો આપણો સ્વભાવ બની જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કામયાબ લોગ 'અપને ફૈંસલે' સે દુનિયા બદલતે હે,
  ઔર નાકામયાબ લોગ દુનિયા કે ડર સે 'અપને ફૈંસલે' બદલે હૈં - **મુંબઈ સમાચાર**
- ફાલ્તુ મિલ્તર ફક્ત ફાલતું વસ્તુઓ ખરીદી શકે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સરખામણી નહીં તો જીંદગી અળખામણી નહિં - **ગુણવંત શાહ**
- દર્દ હંમેશા પોતાના જ આપે છે... બાકી પારકાંઓ ને ક્યાં ખબર હોય છે કે
  તમને શેનાથી તકલીફ થાય છે - **શાહબુદ્દિન રાઠોડ**
- વિરતામાં સ્થિરતા ભલે છે ત્યારે વિરતા ઝળહળે છે - **જનકલ્યાણ**
- ચિંતા પાનખર ઋતુ જેવી છે, જયારે ચિંતન વસંતઋતુનું સર્જન કરે છે - **હંસલ ભચેચ**
- આજનું ઔષધ : અતિસાર (ઝાડા) જાંબુના ઠળિયાનું ચૂર્ણ લેવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ ધનપતિઓ, ફિલ્મી અભિનેતાઓ રાજકારણીઓ પાસે ન્યાય દેવી પણ ઘૂંટણ ટેકવે છે જનસમાજ દેખીતી રીતે બધું સમજે છતાં 'પુરાવા' અને 'સાક્ષીઓ' - ન્યાયદેવીની બુદ્ધિ પણ ફેરવી નાખે છે.

અમદાવાદના સ્થાપક અહમદશાહ બાદશાહ, દયાળુ - ભલા અને ન્યાયપ્રિય રાજા હતા. તેમની ન્યાય તટસ્થતાના ચારેબાજુ ખૂબ વખાણ થતા હતા.

એકવાર બાદશાહના જમાઈએ જ કોઈ કંકાસમાં - ઉશ્કેરાટમાં ભરબજારે કોઈની હત્યા કરી નાખી - આમ છતાં, પોતે રાજાનો જમાઈ છે એમ સમજી નિશ્ચિંત રીતે ફરતો હતો. કાજી સાહેબ પાસે કેસ ચાલ્યો, ચશ્મદીદ સાક્ષીઓ - પુરાવા હતા. ફાંસી નિશ્ચિત હતી જ પણ કાજી ને એમ બાદશાહનો જમાઈ છે એટલે ફાંસીના આદેશ પર બાદશાહની સહી થાય તો સારું - તેથી કાગળો બાદશાહ પાસે મોકલ્યા.

અહમદશાહે ફાંસીના આદેશ પર સહી તો કરીજ આપી. સાથે કાજીને સૂચના પણ મોકલી - ભવિષ્યમાં રાજકુટુંબના કોઈ પણ સભ્યનો 'ન્યાય' મારા સુધી ન મોકલવો - જે સામાન્ય વ્યક્તિને મળે તેવો જ ન્યાય રાજપરિવારને થવો જોઈએ.

# બાબાસાહેબ દેશના મહાનાયક


## તંત્રીસ્થાનેથી...

બાબાસાહેબ આંબેડકર એવી પ્રતિભા ધરાવતી વિભૂતિ હતા જેમને હયાતી દરમિયાન મળી એ કરતાં ઘણી વધારે પ્રસિદ્ધિ એમના મૃત્યુ પછી મળતી રહી છે. 'ભારત રત્ન'ની સર્વોચ્ચ ઉપાધિ પણ એમની વિરાટ પ્રતિભા આગળ ઘણી નાની લાગે. જોકે એમને 'ભારત રત્ન' સમ્માન પણ ઘણાં વર્ષો પછી મળ્યું હતું, જે કદાચ તેઓને હયાતી દરમિયાન અપાયું હોત તો એમણે સ્વીકાર્યું હોત તે કેમ તે પ્રશ્ન છે. સમાજમાં પ્રવર્તતી ઊંચનીચની વિષમતા અને વિશેષપણે દલિતો પ્રત્યેની અસ્પૃશ્યતાના મુદ્દે આખી જિંદગી સુધી અવિરત લડત ચલાવનારા બાબાસાહેબ કર્મઠ લોકનાયક ઉપરાંત પ્રકાંડ વિદ્વાન, મોટા ગજાના લેખક, વિચારક અને સર્વોત્કૃષ્ઠ ધારાશાસ્ત્રી હતા. એમણે ભારતના બંધારણનો મુસદ્દો ઘડવા રાતદિવસ એક કર્યા હતા. બાબાસાહેબે પૂના કરાર કરીને આમરણાંત ઉપવાસ પર બેઠેલા રાષ્ટ્રપિતાનો જીવ બચાવ્યો હતો તો વળી દલિત-આદિવાસી સમાજને અનામતની ભેટ આપીને એક ઊજળા ભવિષ્યનું શિલારોપણ કરી આપ્યું હતું. એમની આ ભેટને કારણે આજે દેશમાં હજારો વર્ષોથી રૂઢ થઈ ગયેલ ઊંચનીચના ભેદભાવ મહદંશે સમાપ્ત થઈ જવા પામ્યા છે અને જેમણે સ્વપ્ને પણ કલ્પના ન કરી હોય એવા દલિત આદિવાસી સમાજના પ્રતિનિધિઓ મુખ્ય સચિવ, મુખ્યમંત્રી, રાજયપાલ અને રાષ્ટ્રપતિ સુધીનાં પદો શોભાવી રહ્યા છે. બાબાસાહેબે અઠ્યાવીસ વર્ષની યુવાન વયથી જ સમાજમાં પ્રવર્તમાન ભેદભાવ વિરુદ્ધ નિર્ણાયક ઝુંબેશ ઉપાડી હતી. મહાડના તળાવમાંથી દલિતો પાણી ભરી શકે અને નાસિકના કાલા રામ મંદિરમાં એ પણ પ્રવેશ કરી શકે એ માટેનાં લોક આંદોલનોના સૂત્રધાર બાબાસાહેબે અસ્પૃશ્યતાને 'હિંદુ સમાજનું પાપ' ગણાવી આખરે હિંદુ ધર્મ છોડી આ જ ધરતીમાં પાંગરેલો બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. એમણે સિદ્ધાર્થ કૉલેજની સ્થાપના કરીને દલિતો માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ પ્રશસ્ત કર્યો હતો. શિક્ષણ, સંગઠન અને સંઘર્ષની અહાલેક પોકારનારા બાબાસાહેબે દલિતોને જે સંદેશ આપ્યો હતો તે પછાત વર્ગની કોઈ પણ પ્રજા માટે લાગુ પડી શકે : શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો ! પોતે વેઠ્યું હતું એટલે દલિત સમાજની પીડા તેઓ સુપેરે સમજી શકતા હતા. તેઓ દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રસ્તુત અને પ્રાસંગિક બનતા જાય છે. દક્ષિણ આફ્રિકાના નેલ્સન મંડેલા આપણને આંબેડકરના જ માર્ગે ચાલતા લાગે. ગાંધીજી બાબાસાહેબના ઉગ્ર આંદોલનથી વ્યથિત જરુર થતા પરંતુ એમની પીડા તેઓ સમજી શક્યા હતા. તેથી જ જયારે ભારતના બંધારણનો મુસદો ઘડવા માટે પંડિત જવાહરલાલ નહેરુ સહિતના રાષ્ટ્રીય નેતાઓ યુરોપિયન તજજ્ઞની સેવાઓ લેવા વિચારતા હતા ત્યારે રાષ્ટ્રપિતાએ આંબેડકર સામે આંગળી ચીંધી હતી. બાબાસાહેબની સવાસોમી જયંતિની ધૂમધામપૂર્વક ઉજવણીને અંતે યુનાઈટેડ નેશન્સને પણ એમની મહત્તા સમજાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા સામાન્ય જ્ઞાતિમાંથી આવતા માણસ દેશના સર્વોચ્ચ સ્થાને પહોંચી શક્યા છે એનું શ્રેય બાબાસાહેબને જાય છે. ખુદ વડાપ્રધાને આવો અનેક જાહેર સભાઓમાં એકરાર કર્યો છે. બાબાસાહેબ એમના સમયના સર્વોચ્ચ બૌદ્ધિકોની આગલી હરોળમાં બિરાજતા હતા. એમની મેધાવી પ્રતિભાને ખુદ વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડ પારખી શક્યા હતા. તેમણે ફક્ત દલિતોના નેતા કહેવા એ અલ્પોક્તિ ગણાશે. બીજા કોઈ પણ રાષ્ટ્રીય નેતા જેટલા જ એ મોટા ગજાના રાષ્ટ્રપુરુષ હતા. એમની સ્મૃતિમાં હવે તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પણ સમરસતાના કાર્યકર્મો યોજી રહ્યો છે અને સરકાર અનેક દલિત કર્મશીલોને એમના નામના ખિતાબથી નવાજી રહી છે. બાબાસાહેબ ભારતના ઈતિહાસનું અજરામર પાત્ર છે. ગાંધીજીની જેમ એ પણ કયારેય ભુલાવાના નથી.

# સંગીત ચિકિત્સા (ભાગ-૨)

ગતાંકે આપણે પં. ઓમકારનાથ ઠાકુર અને મુસોલીના જાણીતા પ્રસંગની વાત કરો. આવા અનેક પ્રસંગો દ્વારા એ વાત સિદ્ધ થાય છે કે સંગીતની માનવમન અને શરીર પર અદ્‌ભૂત અસરો છે. આપણે આ સંગીતની અસરોનો જાણે-અજાણ્યે અનુભવ કરતા જ હોઈએ છીએ. સંગીત આપણને ટ્રાન્સફોર્મ કરી શકે છે. અચાનકથી કોઈ એવું ગીત વાગે કે આપણે અણુક વર્ષો પહેલાના જે- તે સ્થળે પહોંચી જઈએ. સંગીત કયારેક હસાવી દે, કયારેક રડાવી દે, કયારેક આનંદમાં લાવી દે કયારેક વિષાદમાં લાવી દે... ઈન શોર્ટ, સંગીતની માનવમન પર બહુ ઊંડી અસરો થાય છે.

છેલ્લા સો વર્ષોમાં સંગીતની મન પરની અસરો વિષે ઘણું સંશોધન થયું છે જે હજુ પણ ચાલુ છે. જયારે આપણે કોઈ પણ સંગીત કે સાઉન્ડ સાંભળીએ ત્યારે તે આપણા કાન વાટે દાખલ થઈ ઈલેકટ્રીક ચેતાતંતુઓ વડે મગજ સુધી પહોંચે છે. આપણા મગજનો એક ખાસ ભાગ આ ઈલેકટ્રીક ઈમ્પલ્સને ઓળખવા માટે બનેલો છે. જયાં જે - તે ઈમ્પલ્સ (અવાજ) ઓળખાય છે. દેખીતી રીતે બહુ સરળ જણાતી સાંભળવાની ક્રિયા વાસ્તવમાં ખૂબ અટપટી છે. આપણે દિવસ દરમિયાન અનેક અવાજો ગીતો સાંભળીએ છીએ. આપ અત્યારે આ વાંચી રહ્યા છો ત્યારે પણ આપની આસપાસ કોઈને કોઈ અવાજો ચાલી રહ્યા છે. આ બધા અવાજો આવે છે તેવી ખબર આપણને છે. જરા વિચારો, અચાનક જ આપણી આસપાસના બધા અવાજો અચાનક



જ બંધ થઈ જાય તો...? તો કદાચ બહુ અજુગતું લાગે. આપણે જોઈ કોઈ બીજી દુનિયામાં પહોંચી ગયા હોઈએ તેવું લાગે. કારણ કે આપણા જન્મથી કે પછી આપણે ગર્ભમાં હતાં ત્યારથી આપણે આ બધા અવાજો-સંગીતની વચ્ચે જીવીએ છીએ આ બધા અવાજો આપણા જીવનનો એક ભાગ બની ગયા છે. આપણે જે બહારના અવાજોનો અનુભવ કરીએ છીએ તેને આપણા શાસ્ત્રોની ભાષામાં આહતનાદ કહે છે. આહતનાદ એટલે ઘર્ષણ વડે ઉત્પન્ન થતો અવાજ.



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

આવો જ એક નાદ આપણા અંદર પણ છે. આ એ જ નાદ કે જે સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ છે. 'જબ કહીં પે કુછ નહીં ભી નહીં થા... વહી થા વહી થા...' વૈજ્ઞાનિકો પણ માને છે કે બીંગબેંગ પહેલા પણ સાઉન્ડ હતો. બીંગબેંગ વખતે પણ સાઉન્ડ હતો. દરેક ધર્મગ્રંથોમાં સીધો-આડકતરો ઉલ્લેખ છે કે આપણો જન્મ નાદ-અવાજ - સાઉન્ડમાંથી થયેલ છે. એ દિવ્યધ્વનિ જે સર્વત્ર છે જે બ્રહ્માંડનો અવાજ છે તે જ આપણી અંદર પણ છે. તે આપણો પોતાનો અવાજ છે અને અવાજ એટલે અનાહત નાદ. એવો નાદ કે જે અનાદિ છે તે સતત છે. આપણી અંદર રહેલા આ અનાહતનાદનો થોડો ઘણો અનુભવ કરવો હોય તો શાંત ઓરડામાં આંખો બંધ કરી બંને કાનમાં આંગળી ભરાવીને ઊંડા શ્વાસ લેવા. એક ઓમકાર પ્રકારની, 'હમ' પ્રકારનો અવાજ સંભળાશે. એ જ પ્રણવ-મંત્ર કે જે કર્તા-નિયંતા છે. આપણા અંદરના આ અનાહત નાદની સાધના માટેના શાસ્ત્રને સ્વરોધ્ય શાસ્ત્ર કહે છે આપણી ગતિ આહતની અનાહત તરફની છે. બાહ્યથી અંદરની તરફ, સ્થૂળથી સૂક્ષ્મ તરફ. આ નાદ સંગીતનું મૂળ છે. વિશ્વના દરેક પ્રકારના સંગીતનું સ્ત્રોત નાદબ્રહ્મ છે. એટલા માટે જ કદાચ આપણે સંગીત સાથે આટલા બધા સંબંધીત છીએ. ભારતીય શાસ્ત્રો, પ્રમાણે સંગીતનું તેમજ તેની માનવજાત - શરીર પરની અસરોનું વર્ણન અને બીજી વાતો... આવતા અંકે...

- drkedarju@gmail.com

# છેલ્લા માણસની વાત કરનારા...



આજે ૧૪મી એપ્રિલ-૨૦૧૬ એટલે બાબાસાહેબ આંબેડકરનો જન્મદિવસ તો ખરો જ. બાબાસાહેબનો જન્મ વર્ષ ૧૮૯૨માં થયો હતો. એટલે આજે તેમના જન્મને ૧૨૫ વર્ષ પૂર્ણ થયાં અને એટલે કે સવાસોમું વર્ષ પુરું થયું. આવા સપરમાં દિનની ઉજવણી કંઈક સુપેરે થવી જોઈએ. આપણા માટે આનંદની વાત એ છે કે ગાંધીનગરના જ વતની શ્રી ગુલાબચંદ એન. પટેલે આ વરસને ધ્યાનમાં રાખીને જ તેમનું પુસ્તક 'બાબાસાહેબ આંબેડકરનો જીવનસંદેશ' લખ્યું છે ગાંધીજીએ તો કહ્યું હતું કે 'મારું જીવન જ મારો સંદેશ છે.' બાબાસાહેબે આવું સ્પષ્ટપણે કહ્યુ નથી છતાં જયારે આપણે તેમના જીવનનું હૃદયપૂર્વક દર્શન કરીએ છીએ ત્યારે તેમનું જીવન પણ સૌ ભારતીય જનો માટે સંદેશરુપ લાગે છે. આપણા તમામ મહાપુરુષો અને સંતોના જીવન માનવજીવો માટે પ્રેરણારુપ બની શકે છે. 'જીવનસંદેશ' શબ્દમાં જ 'જીવનનો સંદેશ' એવો અર્થ અભિપ્રેત થાય છે. શ્રી ગુલાબભાઈએ લખેલા આ પુસ્તકમાં ઉડીને આંખે વખતે એવી કેટલીય બાબતો હું આપના સમક્ષ રજૂ કરવા ઈચ્છું છું.

(૧) શ્રી ભીમરાવ આંબેડકરના પિતાનું નામ રામજી સકલાપ હતું. તેઓ બહાદુર ગણાતી મહાર જાતિના અને અંગ્રેજી સૈનિક છાવણીમાં મેજર હતા. એવું લાગે છે જીવનમાં સંઘર્ષ કરવાના ગુણો તેમને પિતાજી તરફથી જ મળ્યા હોવા જોઈએ. તેમની માતાનું નામ ભીમાબાઈ હતું. તેમના નામ પરથી તેમનું નામ ભીમરાવ પાડવામાં આવ્યું હતું. તેઓ માતાપિતાનું ચૌદમું સંતાન હતા. આથી બાબાસાહેબ પોતાને ચૌદમું રતન તરીકે ઓળખાવતા હતા. (૨) તેમના જીવનમાં એપ્રિલ માસનું ખાસ મહત્ત્વ છે. એક તો જન્મ ૧૪મી એપ્રિલના રોજ થયો. એપ્રિલ-૧૯૦૬માં તેમના પહેલા લગ્ન રમાબાઈ સાથે થયા અને એપ્રિલ-૧૯૪૮માં બીજા લગ્ન ડૉ. શારદા કબીર સાથે થયા. એપ્રિલ ૧૯૨૭માં તેમણે 'બહિષ્કૃત ભારત' નામનું પાક્ષિક શરૂ કરેલું. એપ્રિલ-૧૯૪૨માં ઑલ ઈન્ડિયા શેડ્યુલ કાસ્ટ ફેડરેશનની સ્થાપના સ્થાપના કરી તો ૧૯૪૬માં મુંબઈમાં સિદ્ધાર્થ કૉલેજનું ઉદ્‌ઘાટન અને ૧૯૪૫માં પીપલ્સ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના આ જ માસમાં કરી હતી. (૩) ડૉ. બાબાસાહેબે પ્રાથમિક શિક્ષણ અજમાવડે (સતારા)માં લીધું. ૧૯૧૨માં મુંબઈની એલ્ફીસ્ટન કૉલેજમાં બી.એ.ની. પદથી મેળવી અને ૧૯૧૩માં મહારાજ સયાજીરાવ ગાયકવાડની સહાયથી ઉચ્ચ શિક્ષણ મેળવવા અમેરિકા ગયા. ત્યાં ૧૯૧૬માં કોલંબિયા વિશ્વવિદ્યાલયમાં પી.એચડી. થયા. પછી લંડનમાં એમએસસી (ઈકોનોમિક્સ) તથા બાર એટ લો થયા. (૪) ડૉ. બાબાસાહેબનો પુસ્તક પ્રેમ અદ્‌ભૂત હતો. તેમનું નિવાસસ્થાન 'રાજગુરુ' ૩૫,૦૦૦ પુસ્તકોના સમાવેશથી પુસ્તકાલયમાં ફેરવાઈ ગયું. તેમણે પોતે પણ અનેક પુસ્તકો લખ્યાં, તેની વિગતો આ પુસ્તકની પૃ.૪૪-૪૫ ઉપર આપી છે. તેમાં બુદ્ધ અને તેમનો ધર્મ, ભારત વિભાજન, રૂપિયાનો પ્રશ્ન, અછૂતોની વિમુક્તિ જેવા વિવિધ વિષયો સામેલ છે. આ યાદી જોતાં તેમની વિચારધારા કેટલી વિશાળ હશે તે સમજી શકાય છે. (૫) બાબાસાહેબનો સંદેશ હતો - (૧) શિક્ષિત બનો (૨) સંગઠિત બનો (૩) સંઘર્ષ કરો. (શ્રી ગુલાબભાઈએ આ ત્રણ સંદેશને લગતા બાબાસાહેબેના જીવનના પ્રસંગો, તેમના પુસ્તકોમાં રજુ કરેલા વિચારો અને કાર્યો તબક્કાવાર રજુ કર્યા હોત તો એક નમૂનેદાર પુસ્તક બની શકત.) (૬) ડૉ. આંબેડકર હિન્દી ભાષા માટે ઘણું બધું કામ કર્યુ છે. તેમણે એવો પ્રસ્તાવ પણ મુકયો હતો કે બંધારણમાં એવી વ્યવસ્થા હોવી જોઈએ કે હિન્દી ભાષાના વિકાસ માટે એક રાષ્ટ્રીય અકાદમી સ્થાપના કરવામાં આવે. તેમણે ભાષાના આધાર પર બનતા રાજયોનો વિરોધ કરેલો અને પોતે એક રાષ્ટ્ર - એક ભાષાના પક્ષકાર હતા. (૭) ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૨ના રોજ 'મૂક નાયક'નું સમાચાર પત્ર પ્રસિદ્ધ કર્યું. તેના પ્રથમ અંકમાં જ લખ્યું હતું -

'ભારત અસમાનતાઓનો દેશ છે. હિંદુ સમાજ એક મિનારા જેવો છે. એમાં અનેક મજલા છે. આ મજલામાં પ્રવેશદ્વાર તો છે જ નહીં, જે વ્યક્તિ જે મજલામાં જન્મ્યો એણે એ જ મજલામાં મરવાનું હોય છે.'

ડૉ. બાબાસાહેબે ૧૯૨૭માં 'બહિષ્કૃત ભારત' પાક્ષિક પ્રકાશિત કર્યું. તેમાં એક વાર લખ્યું હતું.

'જો ટિળક અછૂત ઘરમાં પેદા થયા હોત તો 'સ્વરાજ' મારો જન્મસિદ્ધ અધિકાર છે એવો નારો બુલંદ બનાવાને બદલે એવું જ કહેવા મજબૂર બનત કે...

અસ્પશ્યતાને નષ્ટ કરવી એ જ મારો જન્મસિદ્ધ અધિકાર છે...'

બંધારણના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપનાર ડૉ. બાબાસાહેબે દાયકાઓ પહેલાં કહ્યું હતું - 'નવાં બંધારણ પ્રમાણે કારભાર વ્યવસ્થિત



## મનના ઉમંગો

રણછોડ પરમાર

રીતે ના ચાલે તો, એમાં દોષ બંધારણનો નહીં હોય, મનુષ્ય સમાજમાં જે અધમતા છે. તેને એના માટે જવાબદાર ગણવી પડશે.' બીજા પ્રસંગે તેમને બંધારણ સભામાં કહ્યું હતું કે, 'બંધારણ ગમે તેટલું સારું હોય કે ગમે તેટલું ખરાબ હોય, તે કેવું નીવડે છે તેનો છેલ્લો આધાર ભાવિ રાજયસત્તાઓ તેનો કેવો ઉપયોગ કરે છે તેના પર છે.'

અસ્પૃશ્યતા અંગે તેમણે કહેલું, 'અસ્પૃશ્યતા તે એવી કોઈ ઉપરછલ્લી બાબત નથી કે ફક્ત કાયદાથી નાબૂદ થઈ શકે અથવા મોળી પડી જાટ. તેનો સીધો આધાર આખરે તો નાગરિકની જાગૃતિ અને સમાજની મૂલ્યવ્યવસ્થા પર હોય છે.'

આવા મહામાનવને આજના દિને શત્ શત્ પ્રણામ કરી તેમણે જે છેલ્લા માણસની જીવનભર ચિંતા કરી હતી. તેની કવિતા વાંચીને. કાવ્ય રચ્યું છે આપણા સુપ્રસિદ્ધ કવિશ્રી ઉશનસે.

**એ છેલ્લો માણસ**

હું હજીય એને ત્યાં ને ત્યાં જ જોઉં છું સદીઓથી
પ્રલંબ ક્યૂમાં છેક છેલ્લે ઉભેલો,
એના વારાની ધીરજપૂર્વક રાહ જોતા
આ છેલ્લો માણસ -
બધી ક્યૂમાં આવું જ બન્યું છે;
જેવો એનો વારો આવે છે કે
ભાગ્યનો પુરવઠો ખૂટી પડે છે!
તે સાંજે મેં એને ઘરભણી જતી
છેલ્લી બસની ક્યૂમાં ખાલી ઝોળી,
ખભે નાખી ઊભેલો જોયો હતો,
નિયમ પ્રમાણે જ છેક છેલ્લે -
જેવી બસ ઊપડી કે કોઈ છેલ્લા ધક્કામાં
ઉપર ચઢી ગયું હતું - જરાક ઢસડાઈને;

અનુસંધાન પાના નં. ૭ પર

# સન્માન સાથે જીવતાં શીખો, ઊંચી મહત્વાકાંક્ષા રાખો, જે સંઘર્ષ કરે છે તે જ કઈક પ્રાપ્ત કરે છે

તેજસ્વી સમ્માન ખોજતે નહિ અપના ગોત્ર બતાલાકે,
તેજસ્વી સમ્માન પાતે હૈ અપના કરતબ દિખલાકે!

★★★

શહેરના મુખ્ય માર્ગ પર "ભીમોત્સવ"નું ધ્યાનાકર્ષક હોર્ડિંગ્સ જોઈ ઘડીભર વિચારમાં પડી ગયો. સમાજના મુઠ્ઠીભર કૃતીશીલો અવનવી પ્રવૃત્તિઓ આદરી આપણી ઉજળી પરંપરાનું પેઢી દર પેઢી હસ્તાંતરણ કરી નાગરિક ધર્મ અપનાવે છે જે ખરેખર સરાહનીય ગણાય. સમાજ ઘડતર માટે આવા ઉત્સવો અસરકારક લોકશિક્ષણની ભૂમિકા પૂરી પાડે છે. સદવિચારોના સંક્રમણ થકી જ સમાજ ધબકતો રહે છે. કર્મઠ ને જાગ્રત સજ્જનો સમાજને માંજતા રહે છે.




દોસ્તો, "ભીમોત્સવ" એટલે ૧૪ એપ્રિલ- ડૉ.ભીમરાવ આંબેડકરની જન્મજયંતી. બાબાસાહેબ આંબેડકરને પ્રજાસત્તાક લોકતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા તરીકે જ સૌ કોઈ ઓળખે છે, પરંતુ આ ભારતરત્ન વિશ્વમાનવના જીવન કાર્ય વિશે બહુધા સમાજનો મોટો વર્ગ સાવ અજાણ છે. અરે, આપણા વિમુખ - ને - બેપરવા સમાજને આવું કશું જ જાણવાની જરૂર પણ જણાતી નથી. છતાંયે બે - પાંચ ટકા સમાજ હિત ચિંતકો ઊજળા ઉત્સવો યોજી રૂપકડો માહોલ સજી સૌને વિચારતા તો કરે છે જ!!

દલિત પરિવારમાં જન્મેલા અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે અભ્યાસ કરનાર ભીમરાવનો જન્મ મધ્યપ્રદેશના મહૂ ગામમાં ૧૪ એપ્રિલ ૧૮૯૧ના રોજ થયેલો. પિતા રામજી સકપાલ ને માતા ભીમાબાઈનું ચૌદમું રતન!! સતારા હાઈસ્કૂલના કૃષ્ણાજી કેશવ આંબેડકર નામના બ્રાહ્મણ ભીમરાવની અટક "આંબાવડેકર" બદલીને તેમને પોતાની "આંબેડકર" અટક આપી. ખુદ ગાંધીજી પણ લાંબા સમય સુધી આંબેડકરને બ્રાહ્મણ જ માનતા રહ્યા. આંબેડકરના પિતા લશ્કરમાં સુબેદાર હતા. તેમના દાદા પણ સૈનિક હતા. આમ તો છત્રપતિ શિવાજી મહારાજના વખતથી તેમની કોમ લશ્કર સાથે જોડાયેલી એવું કહેવાય છે કે આ મહાર જાતિ પરથી "મહાર-રાષ્ટ્ર" કાળક્રમે "મહારાષ્ટ્ર" કહેવાયું. તેમ છતાં આ લડાયક જ્ઞાતિ અછૂત - અસ્પૃશ્ય કેમ ગણાઈ એ એક આશ્ચર્ય છે.

ખેર, બાબાસાહેબ વિષે અઢળક લખાયું છે... લખાતું રહેશે જ... પરંતુ એ બધું લખાણ જનજનમાં વ્યાપક બને એ જરૂરી છે. આપણા અર્ધદગ્ધ ખ્યાલે આ મહામાનવ... પ્રેરણાપુરુષ... ક્રાંતિકારી સમાજસુધારકને ઘણો બધો અન્યાય કરી બેઠાં છીએ. આ કર્મઠ વ્યક્તિએ જે શીખ આપી... "શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો." - એ હૈયે કોતરી રાખવા જેવી છે.

મિત્રો, આ દેશમાં એક સમયે ગામના કોઈ અછૂત સમાજના વ્યક્તિને પસાર થવું હોય તો તેણે પીઠ પાછળ ઘસડાતું ઝાડું બાંધીને ચાલવું પડતું. જેથી ધૂળિયે રસ્તે એના પગલાંની છાપ રહી ન જાય! કૂતરા - બિલાડાંને પાળનારો ભદ્ર સમાજ પોતાના ભાઈઓને અછૂત કહીને હડધૂત કરે, અડવાથી અભડાઈ જવાય, ફરજીયાત ન્હાવું પડે. એવી સ્થિતિ... આજે કાયદાઓ - ને - શિક્ષણના પરિણામે ઘણુંબધું બદલાઈ ચૂક્યું છે. આજે તો અસ્પૃશ્યતા, અછૂત, અભડાઈ જવું... જેવા શબ્દો (સંકલ્પનાઓ) વર્ગખંડમાં સવિસ્તાર સમજાવી પડે છે. આજે વ્યવહારમાં ક્યાંય છૂતા છૂત જોવા મળતી નથી. પરંતુ વર્ષો પૂર્વે બહુજન સમાજની અવહેલના કરીને પણ અસ્પૃશ્યતાના કલંકને મીટાવવા આપણા ભક્ત કવિ નરસિંહ મહેતાએ પહેલ આરંભી હરિજનવાસમાં ભજન કીર્તન કર્યા, પછી તો દયાનંદ સરસ્વતી, વિવેકાનંદજી, મહાત્માગાંધી, સ્વામી શ્રધ્ધાનંદ, ઠક્કરબાપા જેવા લોકસેવકો ઝઝૂમતા રહ્યા. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીએ તો આગવા અંદાજમાં "ભાવલક્ષી" નો દરજ્જો આપી માનભેર સમરસ કર્યા. આ બધા જ મહાપુરુષો કરતાં ડૉ. આંબેડકર ને તો ખુદને જ અસ્પૃશ્યતાનો સામનો કરવો પડેલો. એમના જાત અનુભવો તો કલ્પનાતીત છે. અછૂત હોવાને કારણે "સંસ્કૃત નહી ફારસી ભાષા ભણવી પડી. જો કે જાત મહેનતે સંસ્કૃતભાષા શીખ્યા તો ખરા જ!! અરે, એક અછૂત હિંદુ ને મુસલમાન કહેવાથી પાણી મળે, પણ હિંદુ કહેવાથી પાણી



## લાગણીનો મેળો

રસિક વાળંદ

ન મળે. આવાં તો અનેકાનેક અપમાનો વચ્ચે મહાર સમાજમાંથી મેટ્રિક પાસ થનારા ભીમરાવ સૌ પ્રથમ પાક્યા. આ સિદ્ધિને સ્થાનિક અખબારોએ બિરદાવી દલિત સમાજે સન્માન સમારંભ યોજેલો તેમાં એ જમાનામાં પ્રસિદ્ધ સમાજ સુધારક રાવ બહાદુર સીતારામ બાલે તેના અધ્યક્ષ હતા. એ વખતે શિક્ષક અર્જુન કેળેસ્કરે ભીમરાવને "બુદ્ધનું જીવન ચરિત્ર" પુસ્તક ભેટ સ્વરૂપે આપ્યું. આમ ભાવિના ગર્ભના મંડાણ રચાતા ગયા... આ વિરલવિભૂતિના જીવન ચરિત્રને પ્રત્યેકે એક વાર વાંચવું તો જોઈએ જ!!

હિંદુ સમાજની ઊંચી ગણાતી જાતિઓની ઉપેક્ષિતાથી સતત દાઝતા રહેલા બાબાસાહેબ કહેતા "મારા સત્યને, મારા અસ્તિત્વને સમાજની સામે પૂરી તાકાતથી મૂકવા હું પ્રેરીશ." પોતાના દલિત બંધુઓને ઠાવકાઈથી એટલું જ કહેતા, "બધી વાત પછી, પહેલા તું ભણ, સંઘર્ષ કર." પશુથી બદતર જીવનની વાસ્તવિકતાના જાત અનુભવે જ "જ્ઞાતિ વિહીન સમાજ રચના" ના લક્ષ્ય સાથે કાનૂન અને રાજનીતિના માર્ગે લોક જાગરણ આરંભવું પડ્યું. ડગલે પગલે હડધૂત થવાથી દઝાયેલા - દુણાયેલા આંબેડકરજીને તથાગત બુદ્ધ, કબીર અને જ્યોતિબા ફૂલેના આદર્શે ઝઝૂમતા રાખી જીવનપથને અજવાળ્યો છે.

મિત્રો, આ દેશને જ્ઞાતિવાદની કરચોએ જેટલું નુકસાન પહોચાડ્યું છે એટલું નુકસાન બીજી કોઈ સમસ્યાએ નહિ પહોચાડ્યું હોય. ઈતિહાસના અભ્યાસુઓ આ બધાથી અજાણ નથી. આજનું સામાજિક ચિત્ર બદલાયું છે. આ દશકામાં તો કન્યાઓની અછતે સવર્ણ સમાજ દલિત સમાજમાં પગ પેસારો કરવા લાગ્યો છે. આ વરવી વાસ્તવિકતા નજર સામે જ છે. શારીરિક અસ્પૃશ્યતા તો લગભગ નેસ્તનાબૂદ થઈ ગઈ છે પરંતુ માનસિક અસ્પૃશ્યતા હજુયે જીવે છે તે સત્વરે જાય એ દેશના ભલામાં છે.

આટ આટલું વેઠવા છતાંયે બાબા સાહેબના હૈયામાં દેશ પ્રત્યેની ભક્તિભાવના તો અખંડ હતી. બંધારણ સભામાં આપેલા ભાષણને જરા

અનુસંધાન પાના નં. ૭ પર